# રામપાલ ભક્તો અને પોલીસ વચ્ચે હિંસક અથડામણ

હિસાર, તા.૧૮

આજે સવારે પોલીસે બાબા રામપાલદાસની સામે કાર્યવાહી હાથ ધરી હતી જેમાં સમર્થકો અને પોલીસની વચ્ચે હિંસક અથડાણ થઈ હતી. આ અનુસંધાને હરિયાણાના સીએમ ખટ્ટરે ઈમરજન્સી બેઠક બોલાવી છે. બીજી બાજુ કેન્દ્ર સરકારના ગૃહ વિભાગે પણ હરિયાણા સરકાર પાસે સમગ્ર ઘટનાક્રમનો રિપોર્ટ માંગ્યો છે. ભારે સંઘર્ષ બાદ પોલીસને અંદર ઘુસવામાં સફળતા મળી હતી. આશરે ૧૫૦ જેટલા લોકો ઘાયલ થયાના સમાચાર છે. લગભગ પાંચેક કલાક ચાલેલી હિંસક અથડામણ બાદ પોલીસે અંદર રહેલા લોકોને બહાર નીકળવા માટે અડધી કલાકની મુદત આપી હતી પરંતુ આ દરમિયાન કોઈ બહાર ન નીકળતા પોલીસે ફરી કાર્યવાહી શરુ કરી હતી.

મીડિયા રિપોર્ટના જણાવ્યા પ્રમાણે મંગળવારે સાંજે પોલીસ આશ્રમની બીજી દિવાલ તોડીને અંદર ઘુસી ગઈ હતી. આશ્રમવાળાઓએ દિવાલો પર એલપીજી સિલિન્ડર્સની લાઈન કરી દીધી હતી આને કારણે પોલીસે કાર્યવાહી કરવી પડી હતી જો પોલીસ દ્વારા ફાયરીંગ કરવામાં આવે અને વિસ્ફોટ સર્જાય જેના કારણે પોલીસ ઉપરાંત ભક્તોને ઈજા થાય તેમ હતી. દરમિયાન આશ્રમના પ્રવકતા રામ કપુરના કહેવા પ્રમાણે પોલીસ કાર્યવાહીમાં આઠ થી દસ લોકોના મોત થયા છે.

સરકારે આપેલી મુદત પૂર્ણ થતા પોલીસે કાર્યવાહી કરી હતી. બીજી બાજુ આશ્રમના કહેવા પ્રમાણે તેમનો ભોજનનો સ્ટોક ખૂટી ગયો છે તથા બાબા અંદર નથી જો કે વશિષ્ઠે વધુ એક વખત પુનરોચ્ચાર કર્યો હતો કે રામપાલદાસ અંદર જ છે. આ દરમિયાન પોલીસે રામપાલદાસના સમર્થકોને નીકળી જવા માટે અડધી કલાકનો સમય આપ્યો છે પાછળના રસ્તેથી જેસીબી દ્વારા દિવાલ તોડવાનો પ્રયાસ થઈ રહ્યો હતો ત્યારે સમર્થકોએ તેને આગ ચાંપી દીધી હતી. અથડામણમાં સુરક્ષાબળો, મિડીયા તથા રામપાલદાસના સમર્થકો સહિત કુલ દોઢસોથી વધુ લોકોને ઈજા પહોંચી હોવાનું કહેવાય છે. નવી દિલ્હીમાં રામપાલદાસના સમર્થકોએ રાજનાથસિંહ સાથે મુલાકાત કરી હતી. જેમાં રજૂઆત કરી હતી કે રામપાલદાસના આશ્રમ પરની કાર્યવાહી તત્કાલ અટકાવવામાં આવે. તેમણે ચિમકી ઉચ્ચારી હતી કે આમ કરવાથી હિન્દુઓ સરકારની વિરૂદ્ધ થઈ જશે.



# નરેન્દ્ર મોદીનું ઓસ્ટ્રેલિયાની સંસદને ઐતિહાસિક સંબોધન

## ત્રાસવાદને પ્રોત્સાહન આપનાર દેશોને અલગ પાડી દેવાની જરૂર

કેબબેરા, તા. ૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ત્રાસવાદને સમગ્ર વિશ્વ માટે સૌથી મોટા ખતરા તરીકે ગણાવીને કહ્યું હતું કે આ વૈશ્વિક સમસ્યાને દુર કરવા માટે વ્યાપક વૈશ્વિક રણનિતી બનાવીને આગળ વધવાની જરૂર છે. સાથે સાથે એવા દેશોને અલગ પાડી દેવાની જરૂર છે જે ત્રાસવાદને વિવિધ રીતે પ્રોત્સાહન આપી રહ્યા છે. વડાપ્રધાને ઓસ્ટ્રેલિયાની સંસદને ઐતિહાસિકરીતે સંબોદન કરતા કહ્યું હતું કે ત્રાસવાદ આજે તમામ માટે ખતરા સમાન છે. ભારત છેલ્લા ત્રણ દશકથી ત્રાસવાદનો સામનો કરી રહ્યું છે. ત્રાસવાદનુ ચારિત્ર્ય હવે બદલાઈ રહ્યું છે. તે પોતાના નેટવર્કને ફેલવવાના પ્રયાસમાં છે. મોદીએ ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન ટોની એબટો સાથે શિખર મંત્રણા કરી હતી. જેમા વિવિધં મુદ્દા છવાઈ ગયા હતા. મોદી અને એબોટે વેપાર, દ્વિપક્ષીય સંબંધોને નવી ઉંચાઈ પર લઈ જવા અને સુરક્ષા સહિત તમામ પાસા પર ચર્ચા કરી હતી. ટોની એબોટ સાથે વાતચીત બાદ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે સામાજિક સુરક્ષા, સજા પામેલા કેદીની ટ્રાન્સફર, માદક દ્રવ્યોના કારોબારને રોકવા, પ્રવાસ અને કલા તેમજ સંસ્કૃતિ એમ પાંચ કરા પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. વાતચીત દરમિયાન મોદી અને એબોટ



નાગરિક પરમાણુ સમજુતીની નજીક પહોંચવા પર પણ સહમત થયા હતા. બન્ને દેશો વચ્ચે સર્વગ્રાહી આર્થિક ભાગીદારી માટે મંત્રણા માટે પણ બન્ને તૈયાર થયા હતા. મોદી ઓસ્ટ્રેલિયન સંસદને સંબોધન કરનાર પ્રથમ ભારતીય વડાપ્રધાન બન્યા હતા. મોદીએ સુચન કર્યું હતું કે જ્યાં ત્રાસવાદ સૌથી વધારે છે ત્યાં તેની સામે સામાજિક આંદોલન ચલાવવાની જરૂર છે. ત્રાસવાદ સામે વ્યાપક રણનિતિ બનાવવાની અપીલ કરી તેમણે ચેતવણી આપી હતી કે ધર્મ અને ત્રાસવાદને એક સાથે જોડવાના પ્રયાસોને નિષ્ફળ કરવામાં આવે તે જરૂરી છે. તેમણે કહ્યું હતું કે ત્રાસવાદ આજે દુનિયામાં ઈન્ટરનેટ મારફતે ભારત કરવા, નાણાં એકત્રિત કરવા, માદક દ્રવ્યોની હેરાફેરી અને હથિયારોની હેરાફેરીમાં લાગેલા છે. જેને રોકવા માટે વૈશ્વિક સ્તર પર સહયોગ કરવાની જરૂર છે. પ્રશાંત અને હિન્દ મહાસગરને બન્ને દેશોની જીવન રેખા તરીકે ગણાવીને મોદીએ કહ્યુ ંહતું કે ભારત અને ઓસ્ટ્રેલિયા ભાગીદાર બનીને આ ક્ષેત્રની સુરક્ષાને વધારે અસરકારક બનાવી શકે છે. આના માટે બન્ને દેશોને સાથે મળીને કામ કરવાની જરૂર છે. દક્ષિણ ચીન સાગર પર ચીની દાવેદારીનો સીધીરીતે ઉલ્લેખ કર્યા વગર તેમણે કહ્યું હતું કે નાના મોટા તમામ દેશોની આંતરરાષ્ટ્રીય કાયાદા હેટળ સુરક્ષા થવી જોઈએ. આ અગાઉ યુરેનિયમ પરમાણુ સમજુતી વહેલી તકે કરવાની પણ તેમણે વાત કરી હતી. ઓસ્ટ્રેલિયાને ભારતમાં મુડીરોકાણ કરવાનુ આમંત્રણ આપતા મોદીએ કહ્યું હતું કે આજે ૩૦ વર્ષ બાદ ભારતમાં એક બહુમતિવાળા સરકાર આવી છે. દુરગામી ગામો પણ વિકાસ માટે આગળ આવી રહ્યા છે. લોકો પરિવર્તન ઈચ્છે છે. લોકોનો હવે વિશ્વાસ વધ્યો છે. મોદીએ કહ્યું હતુ કે હવે અમે ભાવિ વિચારધારા સાથે આગળ વ ધી રહ્યા છે. મોદીએ કહ્યુ હતું કે લોકોમાં જાગેલી આશાને પૂર્ણ કરવા માટે સ્કીલ ડેવલપમેન્ટ, દરેક પરિવારને વીઝળી, આરોગ્યની સુવિધા પરમાણુ ઉર્જા અને રહેવા લાયક શહેર બનાવવા મામલે ઓસ્ટ્રેલિયા ભાગીદારી કરી શકે છે. ભારતના વિકાસમાં મોટા પાયે બાગ લેવા મોદીએ ઓસ્ટ્રેલિયાને અપીલ કરી હતી. ઓસ્ટ્રેલિયા કેટલાક મિલિયન લોકોના વિકસિત દેશ છે. જયારે સવા સૌ કરોડની વસ્તી ધરાવનરા ભારત વિકાસ અને પ્રગતિ ઈચ્છે છે. દરેક ભારતીયના જીવન સ્તરને સુધારવા માટે સરકાર કટિબદ્ધ છે. ભાષણના અંતે મોદીએ કહ્યું હતુ કે ભારતના વડાપ્રધાનને ઓસ્ટ્રેલિયા આવવામાં ૨૮ વર્ષ લાગ્યા છે. આવી સ્થિતી બીજી વખત ઉભી થવી જોઈએ નહી. ઓસ્ટ્રેલિયાના સંસદના સંયુક્ત સત્રને મોદીએ સંબોધન કર્યા બાદલ તમામ સાંસદો ઉભા થઈ ગયા હતા

## સુનંદાના મોત મામલામાં હવે વધુ એક નવો વળાંક

નવી દિલ્હી, તા. ૧૮

સુનંદા પુસ્કરના મોતના મામલામાં નવો વળાંક આવ્યો છે. દિલ્હી પોલીસ હવે આ મામલામાં વધુ એક એંગલથી તપાસ કરી રહી છે. સુત્રોના જણાવ્યા મુજબ પોલીસ હવે બનાવટી ત્રણ હોટલ મહેમાનોની ચકાસણી કરી રહી છે. જે લોકો સુનંદા જ્યાં મૃત હાલતમાં મળી આવી હતી તે ફાઈવસ્ટાર હોટલમાં રોકાયા હતા. પોલીસને એવી કડીઓ મળી રહી છે કે, ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન શશી થરુરના પત્ની જે દિવસે હોટલમાં મૃત હાલમાં મળી આવી હતી તે દિવસે હોટલમાં આ ત્રિપુટી રોકાઈ હતી અને આ ત્રિપુટીએ બોગસ પાસપોર્ટનો ઉપયોગ કર્યો હતો. પોલીસે વિમાન યાત્રીઓની લિસ્ટ પણ માંગી છે. ૧૭મી જાન્યુઆરીના દિવસે વાઈસ વર્સા અને દુબઈ તથા પાકિસ્તાનથી દિલ્હી આવેલા વિમાન યાત્રીઓની લિસ્ટ માંગી છે. આ તમામ દર્શાવે છે કે, સુનંદાના મોતના મામલામાં કોઈ બહારની વ્યક્તિએ ભૂમિકા ભજવી હતી. પોલીસ પણ સુનંદાના વિસકારાને ચકાસણી માટે વિદેશી લેબમાં મોકલી ચુકી છે.

**મુલાયમના આક્ષેપથી ભારે વિવાદની વકી**

# તમામ ગુજરાતી લોકો જુઠ્ઠા હોવાનો મુલાયમનો આક્ષેપ

લખનૌ, તા. ૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર હજુ સુધીના સૌથી ગંભીર આક્ષેપો પૈકીના એક તરીકે આક્ષેપ કરીને સમાજવાદી પાર્ટીના વડા અને ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી મુલાયમસિંહ યાદવે આજે કહ્યું હતું કે, તમામ ગુજરાતી લોકો જુઠ્ઠાણા તરીકે છે. સર્વાંગી વિકાસના વચનોની વાત મોદી વારંવાર કરી રહ્યા છે પરંતુ કોઈ જગ્યાએ આ બાબત દેખાઈ રહી નથી. મુલાયમે કહ્યું હતું કે, ગુજરાત કે લોગોં કો ઝુઠ બોલને કી આદત હૈ. તેમણે કહ્યું હતું કે, તેમના વચનો પાળવામાં નિષ્ફળ રહેલા લોકોને અન્યો ભ્રષ્ટાચારી દેખાઈ રહ્યા છે. લખનૌમાં સમાજવાદી પાર્ટીને રાષ્ટ્રીય મહિલા પરિષદને સંબોધતા મુલાયમે આ મુજબની વાત કરી હતી. આ બેઠકમાં તેમના પુત્રવધુ ડિમ્પલ યાદવ પણ ઉપસ્થિત રહ્યા હતા. એક દિવસની લાંબી આ બેઠકમાં સમાજવાદી પાર્ટીની મહિલા લીડરોએ રાજકારણમાં તેમની ભૂમિકા પર ચર્ચા કરી હતી. ૨૦૧૭માં ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચુંટણી યોજાનાર છે ત્યારે મહિલાઓની તાકતને વધારવાની રણનીતિ સમાજવાદી પાર્ટી દ્વારા પણ ઘડી કાઢવામાં આવી છે. મુલાયમે મહિલા સશક્તિકરણના ખોટા વચન બદલ મોદીની ઝાટકણી કાઢી હતી. મુલાયમે પ્રશ્ન કર્યો હતો કે, વો જો મહિલા સશક્તિકરણ કી બાતેં કરતે હૈ કોઈ યે તો પતા કરેં કી ઉનકી પત્નિ કહાં હૈ. મુલાયમના આ નિવેદનથી ભારે હોબાળો મચે તેવી શક્યતા છે. મોદીના સ્વચ્છ ભારત અભિયાનની પણ ટીકા આ પીઢ નેતાએ કરી હતી અને કહ્યું હતું કે, વાસ્તવિક સ્વચ્છતા માત્ર ગરીબી નાબુદી મારફતે જ આવી શકે છે. ઝાડુ સે અસલી સફાઈ નહીં ગરીબી હટાને સે અસલી સફાઈ હોતી હૈ. સપાના નેતાએ મોદીના ગ્રામીણ ભારતના ટોઈલેટ મુદ્દે પણ ઝાટકણી કાઢી હતી. તેમણે ઉમેર્યું હતું કે, ૧૯૭૭માં ગ્રામીણ વિસ્તારોમાં તેઓએ મોટાપાયે ટોઈલેટોનું નિર્માણ કરાવ્યું હતું. ૧૯૯૦માં પણ મોટાપાયે ટોઈલેટોનું નિર્માણ કરાયું હતું. મોદી પ્રથમ વખત આ વાત કરી રહ્યા નથી.

# મોદી એનઆરઆઈ વધુ દેખાયા છે : લાલુ યાદવ

પટણા, તા.૧૮

આરજેડીના વડા અને બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવે આજે વડાપ્રધાન મોદીની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, મોદી એનઆરઆઈ તરીકે દેખાઈ રહ્યા છે. વડાપ્રધાનના આંતરરાષ્ટ્રીય પ્રવાસનો ઉલ્લેખ કરતાં લાલુએ કહ્યું હતું કે, મોદી હવે એનઆરઆઈ બની ગયા છે. ભારતીય પ્રવાસીઓને આકર્ષિત કરવા તેઓ બનતા તમામ પ્રયાસ કરી રહ્યા છે. મીડિયાના લોકો પણ તેમની લોકપ્રિયતાને રજુ કરવાની તક ઝડપી રહ્યા છે. વિદેશી દેશોમાં મોદીની લોકપ્રિયતાને મીડિયા દ્વારા રજુ કરાઈ રહી છે પરંતુ સરહદ પર તંગદીલી પ્રવર્તી રહી છે. લાલુની આ ટિપ્પણીને રાજકીય તરીકે ગણવામાં આવે છે. લાલુએ એમપણ કહ્યું હતું કે, સરહદ ઉપર તંગદીલી ફેલાઈ રહી છે ત્યારે મોદી બિનજરૂરીરીતે વિદેશી પ્રવાસ કરીને લોકોનું ધ્યાન ખેંચી રહ્યા છે. સરહદી વિવાદને ઉકેલવાના બદલે વિદેશમાં તેઓ સમય ગાળી રહ્યા છે. ચીન અને પાકિસ્તાની સરહદ ઉપર શાંતિ ભંગ થઈ રહી છે ત્યારે મોદી વિદેશ પ્રવાસમાં છે તેમ લાલુએ કહ્યું હતું. લાલુ એવા પ્રથમ રાજકારણી છે જેમના દ્વારા વડાપ્રધાનના વિદેશ પ્રવાસ અને તેમની લોકપ્રિયતાની ઝાટકણી કાઢવામાં આવી છે. રવિવારના દિવસે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન સલમાન ખુર્શીદ દ્વારા મોદીના વિદેશ કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં લોકોની ઉપસ્થિતિ અંગે પ્રશ્નો કરાયા હતા.

**નવાં કલેવર** (પાના નં. ૪ નું ચાલુ)

ત્યારે તેણે તેનો હાથ મારા હાથમાં લઈને કહ્યું તું સુષુપ્ત જવાળામુખી છે. જે દિવસે તારી અંદરનો જવાળામુખી ફાટશે તે દિવસે જો જે લોકોને તેની અંદરથી હીરા ઝવેરાત મળશે.

દરેક બાબતમાં તે હંમેશા સૌથી અગ્રેસર રહ્યા કરતી હતી. ભીડમાં ખોવાઈ જવાનું તેને બિલકુલ ગમતું નહીં. તે બધાથી કંઈક અલગ દેખાવા માંગતી. કોલેજમાં જયારે તેને કોઈ પણ જવાબદારી સોંપાય તો તેને તે નિષ્ઠાપૂર્વક પુરી કરતી. પછી એ ગમે તેટલી મુશ્કેલ કેમ ન હોય. મેં કયારેય તેને કોઈ કામમાં ના પાડતાં જોઈ કે સાંભળી નથી.

બી.એ.ની પરીક્ષા પછી અમારી મુલાકાત પત્રો દ્વારા થતી રહી. જીવનમાં આપણે જે વાતો સામાન્ય રીતે કોઈને મોઢામોઢ કહી શકતાં નથી. તે પત્ર સહજ રીતે લખી શકીએ છીએ. એ જ કારણે હું માયાના જીવનની નાની નાની ઘટનાઓને પણ ખુબ લંબાણથી જાણું છું કેમ કે કોઈ પણ વાતનો તેના પર શું પ્રભાવ પડ્યો, તેણે એવું કેમ કર્યું અને કેમ વિચાર્યું એ બધી વાતોનો ઉલ્લેખ એ તેના પત્રોમાં અવશ્ય કર્યા કરતી.

મારા સિવાય એ પોતાની પીડા બીજા કોને કહે? માતાપિતાને તો પોતે ઈચ્છા ધરાવતી હોવા છતાં કંઈ કહી શકતી ન હતી. કેમ કે, તેના દુઃખની વાત સાંભળીએ વધુ દુખી થઈ જાય. તેથી તેનો એક માત્ર સહારો હું જ હતી. હું બીજું તો કંઈ કરી શકતી નહોતી. પણ તેનું મનોબળ જરૂરથી વધારતી. કદાચ આજ બાબત તેની માટે સૌથી મહત્ત્વની હતી.

તે એક મનોવૈજ્ઞાનિક બનવા માંગતી હતી. પરંતુ એમ.એ.ની પરીક્ષા પુરી થતાં જ તેનાં લગ્ન થઈ ગયાં. તેથી મનેવૈજ્ઞાનિક બનવાનાં તેના સપનાં અધુરા રહી ગયા.

માયાના લગ્ન એક સમૃદ્ધ કુટુંબમાં થયાં હતા. પરંતુ ત્યારે એ સૌની લાકડી હોય એવું કહી શકાય ન હતું. કેમ કે તેના સાસરામાં તેની ઈર્ષા કરનારા ઘણાં હતા અને પ્રેમ કરનારા ઓછાં.

(ક્રમશઃ)

## કોમવાદ વિરોધી મોરચામાં મમતા સામેલ થઈ શકે છે

કોલકત્તા, તા. ૧૮


વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપની તાકત દિન પ્રતિદિન વધી રહી છે ત્યારે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પણ ભાજપની તાકાતને રોકવા જુદા-જુદા પાસા પર વિચાર કરી રહ્યા છે. મમતા બેનર્જી આ મુદ્દે હરીફ ડાબેરીઓ સાથે પણ હાથ મિલાવવા માટે તૈયાર દેખાઈ રહી છે. કોંગ્રેસ અને ડાબેરીઓ સાથે મળીને મમતા કોમવાદ વિરોધી મોરચામાં સામેલ થઈ શકે છે. ભાજપ હાલમાં તમામ રાજકીયપક્ષોની ઉંઘ હરામ કરવામાં સફળ છે. જુદા-જુદા મોરચાની તૈયારી ચાલી રહી છે. પશ્ચિમ બંગાળમાં ભાજપની જે રીતે મજબુત સ્થિતિ થઈ રહી છે તે જોતા વર્ષ ૨૦૧૬માં યોજાનારી વિધાનસભાની ચુંટણીમાં ભાજપ બંગાળમાં મજબુત સ્થિતિ ઉભી કરી શકે છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીનું કહેવું છે કે, ભાજપની સ્થિતિને જોતા તમામ પક્ષો સાથે આવી રહ્યા છે. તમામ રાજકીય પક્ષોએ કોમવાદના મુદ્દે સાથે આવવું જોઈએ. ભાજપને પણ મમતાએ આમંત્રણ આપ્યું છે જે આશ્ચર્યજનક બાબત દેખાઈ રહી છે.

**બચત યોજના સુધારા સાથે ફરી શરૂ કરાઇ**

# કિસાન વિકાસ પત્રમાં ૧૦૦ મહિનામાં જ પૈસા ડબલ થશે

નવી દિલ્હી, તા. ૧૮

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે કિસાન વિકાસ પત્ર (કેવીપી)ની આજે ફરી શરૂઆત કરી દેવામાં આવી હતી. આ બચત યોજનામાં રોકવામાં



આવેલા નાણાં આઠ વર્ષ અને ચાર મહિનામાં બે ગણા થઈ જશે. આ સ્કીમને ફરી શરૂ કરવાની માંગ છેલ્લા કેટલાક દિવસથી કરવામાં આવી રહી હતી. નાણાં પ્રધાન અરૂણ જેટલીએ કિસાન વિકાસ પત્રની સ્કીમ નવેસરથી શરૂ કરી છે. કિસાન વિકાસ પત્ર એક હજાર, પાંચ હજાર, ૧૦ હજાર, અને ૦ હજાર રૂપિયામાં ઉપલબ્ધ રહેશે. આમાં રોકાણની કોઈ નવી ઉપરની મર્યાદા રાખવામાં આવી નથી. નાણાં મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે શરૂઆતમાં કિસાન વિકાસ પત્ર ટપાલ વિભાગ મારફતે વેચવામાં આવનાર છે. મોડેથી લોકોને રાષ્ટ્રીયકૃત બેંકોની પસંદગી કરવામાં આવેલી શાખામાં પણ આ પત્રો આપવામાં આવશે. કેવીપીમાં કરવામાં આવેલા રોકાણની લોક ઈન અવધિ અઢી વર્ષની રહેશે. ત્યારબાદ તે પૂર્વમાં નક્કી પરિપકવતાના મુલ્યની દ્રષ્ટિએ છ મહિનાના બ્લોકમાં રહેશે. નાણાં મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે કિસાન વિકાસ પત્ર નાના રોકાણકારો માટે રોકાણ માટે સુરક્ષિત વિકલ્પ તરીકે રહેશે. આનાથી દેશમાં બચત દરને વધારી દેવામાં મદદ મળશે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે કિસાન વિકાસ પત્ર દ્વારા લોકો નાની છેતરપિડીવાળી યોજનાઓથી બચી શકશે. આ યોજના હેઠળ એત્રકિત કરવામાં આવેલી રકમ સરકારની પાસે રહેશે. આનો ઉપયોગ કેન્દ્ર અને રાજ્યની વિકાસ યોજનામાં કરવામાં આવનાર છે. આ પ્રમાણપત્ર એક અથવા તો સંયુક્ત નામથી જારી કરવામાં આવી શકે છે. કિસાન વિકાસ પત્ર યોજના ૧૯૮૮માં શરૂ કરાઈ હતી અને નવેમ્બર ૨૦૧૧ના દિવસે તેને બંધ કરવામાં આવી હતી. હવે બચતના વધુ વિકલ્પ લોકોને મળશે.

# મહારાષ્ટ્રમાં નવેસરથી ચુંટણી આવી શકે : પવાર

અલીબાગ, તા. ૧૮

એનસીપીના પ્રમુખ શરદ પવારે આજે મહારાષ્ટ્રમાં મધ્યસત્ર ચુંટણી માટેની તૈયારીમાં લાગી જવા પક્ષના કાર્યકરોને કહ્યું હતું. રાજ્ય વિધાનસભાની ચુંટણીમાં હાલમાં કોઈપણ પાર્ટીને સ્પષ્ટ બહુમતી મળી નહતી. આવી સ્થિતિમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરેલી ભાજપે સરકાર બનાવી હતી. એનસીપી દ્વારા બહારથી સરકારને ટેકો આપવામાં આવી રહ્યો છે. મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં અલીબાગ ખાતે પક્ષની બે દિવસીય બેઠકને સંબોધતા તેમણે કહ્યું હતું કે, અમે મહારાષ્ટ્રમાં નવેસરથી ચુંટણી માટે તૈયાર છીએ. મહારાષ્ટ્રમાં સ્થિર સરકારની જવાબદારી એનસીપીની નથી. પવારની પાર્ટી હાલમાં ભાજપને બહારથી બિનશરતી ટેકો આપી રહી છે. પવારે આક્ષેપ કર્યો હતો કે, ભાજપમાં કેટલાક તત્વો ખતરનાક સાબિત થઈ રહ્યા છે. ૨૮૮ સભ્યોની મહારાષ્ટ્ર વિધાનસભામાં ભાજપ ૧૨૧, શિવસેના ૬૩, કોંગ્રેસ ૪૨ અને એનસીપી ૪૧ ધારાસભ્યો ધરાવે છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે ગયા સપ્તાહમાં જ વિશ્વાસ મત જીત્યો હતો.

## સમાચાર ઝલક

- તામિલનાડુની સરકારી હોસ્પિટલમાં ૧૧ બાળકોના મોત.
- લંડનમાં કાર અકસ્માતમાં ભારતીય ટીન એજર સહિત પાંચ વિદ્યાર્થીનાં મોત.
- સાબરકાંઠામાં શિક્ષક ભરતી કૌભાંડમાં જિલ્લા શિક્ષણાધિકારી તથા તેના સાગરીતો સસ્પેન્ડ.
- આજથી કિસાન વિકાસ પત્રની ફરી શરૂઆત કરાઈ. આઠ વર્ષને ચાર માસમાં ડબલ થાય છે.
- ઓક્ટોબરમાં નિકાસની થયેલ ઘટાડાથી ઉદ્યોગ જગતે રાહતોની માંગણી કરી.
- રાજ્યમાં જાહેર માર્ગો પર ભીખ માંગતા બાળકો દેખાશે તો ટ્રાફિક પોલીસને દંડ કરાશે.
- નવી મેડમજી ફિલ્મને લઈને પ્રિયકા ચોપડા ભારે ઉત્સુક.
- વાયબ્રન્ટ ગુજરાતના ભાગરૂપ મુંબઈમાં યોજાયેલ રોડ શોને અભૂતપૂર્વ પ્રતિસાદ.
- અમદાવાદની ફાઈવ સ્ટાર હોટલમાંની રસોઈમાંથી વંદા તથા જીવ જંતુઓ પકડાયા.
- હવે કાપડ બજારમાં કાપડ સસ્તુ થવાના એંધાણ.
- હજુ શિયાળો ૧ સપ્તાહ બાદ બેસશે.
- બેંકો હવે સોના પર ૬૦ ટકા લોન આપશે.
- ચા બજારમાં તીવ્ર મંદી. ૩ મહિનામાં કિલોએ રૂ. ૪૦ તૂટયા.
- પૂ. મોરારીબાપુએ લોકલ ટ્રેનમાં મુસાફરી કરીને ગરીબોને ધાબળાનું વિતરણ કર્યું.
- સૌરાષ્ટ્રને સતત છ દિવસથી ઘમરોળતું કમોસમી માવઠું.

# છત્તિસગઢ જેવા માઓવાદી હુમલાની ઝારખંડમાં દહેશત

રાંચી, તા. ૧૮

ઈન્ટેલિજન્સ બ્યુરો દ્વારા ચેતવણી આપવામાં આવી છે કે આંતરરાજ્ય સરહદ પર સ્થિત વિધાનસભા મતવિસ્તારોમાં માઓવાદી છત્તિસગઢ જેવા મોટા હુમલાને અંજામ આપી શકે છે. ઈન્ટેલિજન્સ બ્યુરોએ કહ્યું છે કે માઓવાદી મોટા હુમલાને અંજામ આપવાની તૈયારીમાં છે. ઝારખંડ-છત્તિગગઢ-ઓરિસ્સામાં સ્થિત સરહદ પર આવેલા વિસ્તારોમાં ૨૫મી નવેમ્બરના દિવસે વિધાનસભાની ચૂંટણી યોજનાર છે. ૧૩ વિધાનસભા બેઠકમાં ચૂંટણી યોજનાર છે. તમામ માઓવાદીગ્રસ્ત રાજ્યો પૈકી માત્ર ઝારખંડમાં ચૂંટણી યોજનાર છે. અહીં બળવાખોરો મોટા હુમલાને અંજામ આપી શકે છે. માઓવાદી તેમની હાજરી પુરવાર કરવા માટે હુમલા કરી શકે છે. રાંચીના આઈજી એમએસ ભાટિયાએ કહ્યું છે કે આઈબીની ચેતવણી નિયમિત તરીકે છે. છતાં પોલીસ કોઈ બાંધછોડ કરવા માંગતી નથી. તે તમામ પાસા પર સાવધાનીપૂર્વક આગળ વધવા માંગે છે. તમામ વીઆઈપી લોકોની તપાસ ચાલી રહી છે. ભાગફોડ વિરોધી નિતીને અમલી કરવામાં આવી છે. ટોચના પોલીસ અધિકારીઓ પહેલા જ કહી ચુકયા છે કે વીઆઈપી લોકોની અવર જવર પર નજર રાખવામાં આવી રહી છે. રોડ ઓપનિંગ પાર્ટી તૈનાત કરવામાં આવી રહી છે. પેટ્રોલિંગની પ્રવૃતિને વધારી દેવામાં આવી છે. ટોપ પોલીસ અધિકારીએ કહ્યું છે કે ભાગફોડવિરોધી ચકાસણી પહેલા કોઈ પણ કાફલાને આગળ વધવાની મંજૂરી આપવામાં આવસે નહી. માઓવાદી કાફલા પર હુમલો કરી શકે છે.

## ડોલરની સામે રૂપિયો ૬૧.૭૫ની સપાટીએ

મુંબઈ, તા. ૧૮

અમેરિકી ડોલર સામે શરૂઆતમાં નુકશાન બાદ રૂપિયામાં રિકવરી જોવા મળી હતી. સંસ્થાકીય ક્લાઈન્ટો વતી વિદેશી બેંકો તરફથી ડોલરના વેચાણના પરિણામ સ્વરુપે રૂપિયામાં સુધારો થયો હતો. આજે રૂપિયો ૬૧.૭૯ની સપાટીએ ખુલ્યો હતો. ત્યારબાદ એક વખતે ૬૧.૮૮ની સપાટી સુધી પહોંચ્યો હતો. ત્યારબાદ અંતે ૬૧.૭૫ની સપાટીએ રહ્યો હતો. તેમાં ગઈકાલના ૬૧.૭૪ની સપાટી સામે ૦.૦૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. ભારતીય ઈક્વીટી બેંચમાર્ક સેન્સેક્સમાં આજે સપાટી ૨૮૧૬૩ નોંધાઈ હતી.